**<u>સમરી નં.૧૦૧૧/૨૦૨૨</u>**

**<u>રાજકોટ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન ગુના.રજી.નં. ૫૫૫૭/૨૧ ના કામે આંક–૧ અન્વયે હુકમ</u>**

આજરોજ રાષ્ટ્રીય લોકઅદાલતમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ થયેલ "સી" સમરી રીપોર્ટ તથા તે સાથે રજુ તપાસના તમામ કાગળો વંચાણે લીધા.રીપોર્ટ કરનાર પોલીસ અધીકારી એ.પી.પી.શ્રી તથા પી.જી.વી.સી.એલ.કંપનીના વી.વ.શ્રી મગદાણીને સાંભળ્યા.

(૧) આજરોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં ફરીયાદી પી.જી.વી.સી.એલ.કંપની ના ઈજનેરશ્રી તરફથી પોલીસને મળેલ ફરીયાદ બાદ આરોપી અને ફરીયાદી પી.જી.વી.સી.એલ. કંપની વચ્ચે લોક અદાલતમાં સમાધાન થઈ ગયેલ છે અને થયેલ સમાધાન મુજબ વીજ ચોરી તથા કમ્પાઉન્ડીગ ચાર્જની રકમ આરોપીએ વીજ કંપનીમાં ભરપાઈ કરી આપેલ છે તેથી આ ફરીયાદ અન્વયે નોંધાયેલ ગુનાનું કામ આગળ ચલાવવા માંગતા ન હોય માંડવાળ કરવા માટે ફરીયાદી પી.જી.વી.સી.એલ.કંપનીના ઈજનેર તરફથી ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ–૨૦૦૩ ની કલમ ૧૫૨ મુજબ રીપોર્ટ કરવામાં આવેલ છે.વધુમાં ગુનો સમાધાનને પાત્ર છે.પી.જી.વી.સી.એલ.કંપની ને વીજ ચોરી તથા કમ્પાઉન્ડીગ ચાર્જની રકમ મળી ગયેલ છે.આરોપીનો આ પ્રથમ ગુનો છે. તે હકીકત ધ્યાનમાં લેતા લોક અદાલતમાં થયેલ સમાધાનની રૂઈએ આ સમરી મંજુર કરવી વાજબી જણાતુ હોય,નીચે મુજબ હુકમ ફરમાવુ છુ.

**– // <u>હુકમ</u> // –**

(૧) આજરોજ રાષ્ટ્રીય લોકઅદાલતમાં તપાસ કરનાર અમલદારે આ ગુનાના કામમાં રજુ કરેલ "સી" સમરી મંજુર કરવામાં આવે છે.ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ–૨૦૦૩ ની કલમ – ૧૫૨ અન્વયે આરોપી ને ઈન્ડીયન ઈલેક્ટ્રીકસીટી એકટ ની કલમ– ૧૩૫ મુજબના ગુનાના કામમાં થયેલ સમાધાન મંજુર કરી આરોપીને ડીમ એકવીટલ ગણી તેની સામેનો ગુનો સમાધાનથી માંડવાળ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ પીજીવીસીએલ ને સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી ઓગષ્ટ સને ૨૦૨૨ નાં રોજ શનીવારની લોક અદાલતમાં જાહેર કર્યો.

(જયેશકુમાર ઈશ્વરલાલ પટેલ)
રાજકોટ
૧૦ માં એડીશનલ ડિસ્ટ્રીકટ જજ અને
સ્પે.જજ(ઈલેકટ્રીસીટી)
તા.૧૩/૦૮/૨૦૨૨
રાજકોટ ( કોડ નંબરઃ જીજે ૦૦૬૪૬)